## સંક્ષિપ્ત સમાચાર

### નડિયાદના ટેક્સ એડવોકેટની ધ ગુજરાત સ્ટેટ ટેક્સ બાર એસોસિએશનમાં નિમણૂંક



**નડિયાદ :** ચરોતરના નિષ્ણાંત ટેક્ષ એડવોકેટ અમિત સોનીની ગુજરાતના નામાંકિત એસોસિએશનમાં વર્ષ 2024-25 માટે ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર એસોસિએશન-મુંબઈ, ટેક્ષ એડવોકેટ એસોસિએશન ગુજરાત, ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્ષ કન્સલ્ટન્ટ એસોસિએશન, ભારત વિકાસ પરિષદ ગુજરાતના દક્ષિણ-પૂર્વ વિભાગના મંત્રી, ધ ગુજરાત સ્ટેટ ટેક્ષ બાર એસોસિએશનની એજ્યુકેશન પ્રોગ્રામ કમિટી - આઉટ સ્ટેશનના રીપ્રીસેન્ટેટિવ તરીકે આમ ભારત અને ગુજરાતભરમાં એસોસિએશનમાં કમિટીપદે સર્વાનુમતે નિયુક્તિ થવા બદલ ચરોતર ટેક્ષ વ્યવસાયિઓ અને વેપારી આલમમાં આનંદની લાગણી પ્રસરી ગઇ હતી. અમિત સોની હાલમાં બાળ કલ્યાણ સમિતિ ખેડાના સભ્યપદે અને ચરોતરની સામાજિક સંસ્થાઓ અને સારા વિચાર લેખક ઉપરાંત લો મેગેઝીનોમાં માનદ તંત્રી તરીકે સેવા આપી રહ્યા છે.

### બોરસદ તાલુકાની કસારી પ્રાથમિક શાળામાં બાળકોએ પ્રવેશોત્સવ ઉજવાયો




**બોરસદ :** બોરસદ તાલુકાની કસારી પ્રાથમિક શાળામાં નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકીના હસ્તે 24 બાળકોએ બાલવાટિકામાં પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રસંગે શાળામાં બોરસદના ધારાસભ્ય નાયબ મુખ્ય દંડક રમણભાઈ શાળામાં હાજર રહ્યા હતા. તેઓના હસ્તે શાળાના ભૂલકાંઓને વિધિવત પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેઓએ શાળાના સૌ વિદ્યાર્થીઓ ભણીગણીને આગળ વધે તે માટે સરકારની વિવિધ યોજનાઓ, કન્યા કેળવણીને પ્રોત્સાહન, શિષ્યવૃત્તિ જેવી યોજનાઓની સમજ આપી હતી. આ પ્રસંગે બોરસદ તાલુકાના વિકાસ અધિકારી બી.આર.પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વર્લ્ડ બેન્કની ટીમ સાથે વાર્તાલાપનું આયોજન



**આણંદ :** આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વર્લ્ડ બેંકના સલાહકારો ડો. એવજેની પોલીકોવ અને ડો. આર્શિયા ગુપ્તા, સેન્ટર ફોર એગ્રિકચરલ માર્કેટ ઇન્ટેલિજેન્સ, NAHEP-CAAST પ્રોજેક્ટની મુલાકાત લીધેલ. વર્લ્ડ બેન્કની ટીમના સભ્ય ડો. બેકઝોડ, વરિષ્ઠ કૃષિ અર્થશાસ્ત્રી, વર્લ્ડ બેંક; કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ, પ્રોજેક્ટ ટીમ, અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને કુલપતિ ડો.કે.બી.કથીરીયાએ જણાવ્યું હતું કે, માર્કેટ ઇન્ટેલિજન્સ, ખાસ કરીને, ભાવની આગાહી એ આજના બદલાતા આર્થિક વાતાવરણમાં સૌથી મહત્વપૂર્ણ છે. ડો. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકે કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણમાં યુનિવર્સિટીની સિદ્ધિઓનું વર્ણન કરી યુનિવર્સિટીની વિગતવાર ઝાંખી પૂરી પાડી હતી. આ ઉપરાંત કૃષિ માર્કેટ ઇન્ટેલિજન્સ વિષય ઉપર નવીન સંશોધન કાર્યની પણ ચર્ચા કરી હતી.

### જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના NCC થર્ડ ઓફિસર નેશનલ ઓફિસર્સ ટ્રેનીંગમાં ઝળક્યાં



**આણંદ :** મોગરી સ્થિત અનુપમ મિશન સંચાલિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં શિક્ષિકા અને એન.સી.સી. થર્ડ ઓફિસર ઝલક પટેલે ગ્વાલિયર (મધ્યપ્રદેશ) ખાતે દ્વિમાસિક નેશનલ ઓફિસર્સ ટ્રેઇનિંગમાં સહભાગી થઈ અનેકવિધ પ્રવૃત્તિઓમાં વિજેતા બન્યાં હતાં. તેઓ નેશનલ કેડેટ કોર્પ્સના ઉપક્રમે ઓફિસર્સ ટ્રેઇનિંગ એકેડેમી, ગ્વાલિયર તરફથી યોજિત ફાયરિંગ હરીફાઈમાં બીજા સ્થાને જીત મેળવી હતી. આ ઉપરાંત યોગશ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર હાંસલ કર્યું. તેની સાથે બેડમિન્ટન પ્રતિયોગિતામાં ઉમદા પ્રદર્શન કર્યું. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ, ભોપાલ દ્વારા સમગ્ર દેશના એનસીસી પ્રશિક્ષકો માટે યોજાયેલી આપત્તિ વ્યવસ્થાપન તાલીમમાં ઝલકબહેન સહભાગી થયાં હતાં. આ દરમિયાન યોજાતા ડ્રિલ-પરેડ વગેરે જેવા નિયમિત કાર્યક્રમોમાં ભાગ લઈ સઘન તાલીમ મેળવી હતી. આ પ્રસંગે DMI ડિરેક્ટોરેટ જ્યોર્જ જોસેફ અને ગ્વાલિયર NCCના કમાન્ડન્ટ બ્રિગેડિયર જિતેન્દ્ર શર્માના હસ્તે ઈનામ વિતરણ સમારોહમાં વિભિન્ન પદકો, ટ્રોફી એવમ્ પ્રમાણપત્રો એનાયત કરી ઝલક પટેલને વિભૂષિત કરવામાં આવ્યાં હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**


આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

યાત્રાધામ ડાકોરમાં નવ નિર્મિત ઓવરબ્રિજ પર ગુણવત્તા વગરની કામગીરીને કારણે ગણતરીના મહિનાઓમાં જ જોખમી બન્યો

# ડાકોરના નવા ફ્લાય ઓવર બ્રિજ પર મોટું ગાબડું

**મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ** પટેલ દ્વારા જનસુવિધા માટે ત્રણેક માસ પહેલાં લોકાપર્ણ કરાયેલ ડાકોરના ઓવરબ્રિજ પર સામાન્ય વરસાદમાં જ ધોવાણ થતાં મોટું ગાબડું




તસવીર : મહેશ શાહ

(પ્રતિનિધિ) ડાકોર તા.2

યાત્રાધામ ડાકોરમાં સરકાર દ્વારા યાત્રાળુઓ અને વાહનચાલકો સહિત નગરજનોની સુખાકારી માટે 75 કરોડની ફાળવણી કરીને નવા ફ્લાય ઓવરબ્રિજનુ કામ શરૂ કરવામાં આવ્યું હતું. નવા ઓવરબ્રિજની કામગીરીની શરૂઆતથી જાગૃત નગરજનો ધ્વારા ગુણવત્તા મામલે વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. છતાં પણ કોન્ટ્રાક્ટર દ્વારા બેજવાબદારી પૂર્વક ઓવરબ્રિજની કામગીરી યથાવત રાખવામાં આવી હતી.

ડાકોર ઓવરબ્રિજ મામલે અવારનવાર વાદ વિવાદ સર્જાયા હતા. પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેથી સમગ્ર ડાકોર પંથકમાં નારાજગી વ્યક્ત કરવામાં આવતી હતી. જોકે ઓવરબ્રિજની કેટલીક કામગીરી અને સર્વિસ રોડની કામગીરી અધુરી હોવ છતાં પણ લોકસભાની ચૂંટણી અગાઉ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે નવા ફ્લાય ઓવરબ્રિજનુ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ બાદ પણ વાહનચાલકો માટે વિવિધ મુશ્કેલીઓ યથાવત રહી હતી. ટ્રાફિક સમસ્યા પણ વારંવાર સર્જાતી હતી. આવી અનેક સમસ્યાઓ વચ્ચે તાજેતરમાં જ સામાન્ય વરસાદમાં નવા નક્કોર ઓવરબ્રિજ પર મસમોટું ગાબડું પડ્યું છે. વરસાદી પાણી વહેતું થતાં ઓવરબ્રિજ પર જોખમી ગાબડું પડી ગયું છે. બ્રિજ પર ગાબડું પડતાં જ વાહનચાલકો માટે નવી સમસ્યા સર્જાઈ છે. ઓવરબ્રિજ પરથી પસાર થતા તમામ વાહનો માટે અકસ્માતની ભિતી સેવાઈ રહી છે. ગાબડું પડતાં બ્રીજના સળીયા બહાર દેખાઈ રહ્યાં છે. જેના કારણે વાહન ચાલકોમાં અકસ્માતનો ભય ઉભો થયો છે.

ડાકોરમાં આ નવા ઓવરબ્રિજ માટે સરકાર દ્વારા 75 કરોડની માતબર રકમની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ આટલી મોટી રકમ છતાં ડાકોરમાં ઓવરબ્રિજ સુવિધા નિરર્થક બની છે. જેથી વાહન ચાલકો સહિત ડાકોરના નગરજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે.

# ખુંટજથી સુંઢા વણસોલ માર્ગ પર જંગલ કટીંગ ન કરાતાં પરેશાની

**મહુધા પંથકમાં** પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહી



(પ્રતિનિધિ) મહુધા, તા.2

પ્રિ-મોન્સુનની કામગીરી કરવા માટે ઉચ્ચ અધિકારીઓ બેઠકોનો દૌર ચલાવતા હોય છે અને આ કામગીરીમાં કોઈ ઢીલ ન રહે, તે માટે પણ સખત પ્રયાસ થતા હોય છે, તેમ છતાં જવાબદાર કેટલાક વિભાગો દ્વારા પ્રિ-મોન્સુનના નામે માત્ર નાણાં ઉપજાવી લઈ અને સ્થળ પર કોઈ કામગીરી ન કરાતી હોવાનું જોવા મળી રહ્યુ છે. મહુધાના ખૂંટજથી સુંઢા વણસોલને જોડતા સિંગલ પટ્ટી રોડ પર ચોમાસા પહેલા જંગલ કટિંગની કોઈ જ કામગીરી કરાઈ નથી. જેના કારણે હાલ ગ્રામજનોને ભારે હાલાકી વેઠવાનો વખત આવ્યો છે.

મહુધા તાલુકા સહીત જિલ્લાના તમામ તાલુકાઓમાં ચોમાસા પૂર્વે નાગરીકોને પડતી હાલાકીને નિવારવા આગોતરી જાણ કરવામાં આવી હતી. તેમજ જિલ્લા કલેક્ટર સહીતના ઉચ્ચાધિકારીઓ દ્વારા વખતોવખત બેઠકો બોલાવી અને આ મામલે કોઈ કચાસ ન રહી જાય તે માટે પણ પ્રયત્ન કરાયા હતા. તેમ છતાં મહુધા તાલુકામાં જાણે ખૂંટજથી સૂંઢા વણસોલ તરફના રોડ પર જવાબદાર તંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરી અંતર્ગત જંગલ કટિંગની કોઈ જ પ્રકારની કામગીરી કરેલી જણાતી નથી. આ આખા રોડ પર છેક સુધી ખૂબ જ મોટા પ્રમાણમાં ઝાળી-ઝાંખળા ઉગી નીકળ્યા છે. તેમાંય આ સિંગલ પટ્ટી રોડ છે અને રોડની બંને બાજુ જંગલી વનસ્પતિ ઉગી નીકળ્યુ છે. અહીંયાથી પસાર થતા આસપાસના ગ્રામજનોને ભારે હાલાકી વેઠવાનો વખત આવ્યો છે. તેમજ પસાર થતી વેળાએ વનસ્પતિના કારણે આખા રોડ પર ચાલકોને મુશ્કેલીમાં મુકે છે.

# આણંદનો હેડ કોન્સ્ટેબલ લાંચ કેસમાં પકડાયો

મહિસાગર એસીબીની ટ્રેપ સમયે બહાર હોવાથી ભાગી ગયો હતો

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદ એલસીબી ઓફિસમાં મહિસાગર એસીબીએ ટ્રેપ ગોઠવી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરને રૂ.70 હજારની લાંચ લેતા પકડી પાડ્યો હતો. જોકે, આ ટ્રેપમાં હેડ કોન્સ્ટેબલ હિતેશ બહાર હોવાથી ભાગી ગયો હતો. જેને આણંદ એસીબીએ પકડી પાડ્યો છે.

મહીસાગર એન્ટી કરપ્શન બ્યૂરોએ સપ્તાહ પહેલા આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચમાં ટ્રેપ ગોઠવી હતી. આ ટ્રેપમાં રૂ.70 હજારની લાંચ લેતા આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ઘનશ્યામસિંહ ઉત્તમસિંહ સેનગરને પકડી પાડ્યો હતો. જોકે, આ લાંચ કેસનો મુખ્ય સુત્રધાર હેડ કોન્સ્ટેબલ હિતેશ જીવાભાઈ ચૌહાણ (રહે. પોલીસ લાઈન, ખંભોળજ, મુળ રહે. સીલી) જે તે સમયે બહાર હોવાથી ફરાર થઇ ગયો હતો. આ અંગે આણંદ એસીબીએ તપાસ હાથ ધરી હતી. જેમાં ઘનશ્યામસિંહના રિમાન્ડ મેળવી પુછપરછ બાદ તેને કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. જ્યારે હેડ કોન્સ્ટેબલ હિતેશ ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન તપાસ કરી રહેલી એસીબીએ મંગળવારના રોજ લાંચના ગુનામાં નાસતા ફરતા હેડ કોન્સ્ટેબલ હિતેશ જીવાભાઈ ચૌહાણને ઝડપી પાડ્યો હતો. તેને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે વધુ તપાસ અર્થે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# પેટલાદમાં ચિલઝડપ કરનારા બેને સાત વર્ષની કેદની સજા

**સવા વર્ષ** પહેલા મહિલાના ગળામાંથી સોનાની ચેઇન આંચકી હતી



(પ્રતિનિધિ) આણંદ તા.2

પેટલાદ શહેરના વહાણવટી જ્વેલર્સથી સ્વામિનારાયણ મંદિર પાસે આવેલા ધોબીકુંડ નજીક સવા વર્ષ પહેલા બાઈક પર ધસી આવેલા બે શખ્સે મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ કરી હતી. આ કેસમાં કોર્ટે બન્નેને સાત વર્ષની કેદ અને પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા કરી હતી.

પેટલાદમાં રહેતા ભાવનાબહેન આહિર તેમના પુત્રવધુ ભુમિકાબહેન સાથે 29મી એપ્રિલ,2023ના રોજ વહાવટી જ્વેલર્સની દુકાને સોનાના ઘરેણાની ડિઝાઈન જોવા માટે ગયાં હતાં. તેઓ ડિઝાઈન જોઈ પરત ઘરે જવા નિકળ્યાં હતાં. આ દરમિયાન સાંજના સુમારે ચાલતા જતાં હતાં તે સમયે ધોબીકુંડ પાસે અચાનક સામેથી બે અજાણ્યા બાઈક સવાર ધસી આવ્યાં હતાં. આ શખ્સોએ ભાવનાબહેનના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ કરી ભાગી ગયાં હતાં. આ અંગે પેટલાદ શહેર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં જયેન્દ્રસિંહ ઉર્ફે ભોલો દિનેશ ચૌહાણ અને મયુરસિંહ પ્રવિણસિંહ ચૌહાણ (બન્ને રહે. મહિયારી, તારાપુર) ને પકડી પાડવામાં આવ્યાં હતાં. આ બન્નેને કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં હતાં.

આ કેસ આણંદના ત્રીજા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકિલની દલીલ, 10 સાક્ષી, સાત દસ્તાવેજી પુરાવાને ધ્યાને રાખી ન્યાયધિશે જયેન્દ્ર ઉર્ફે ભોલો અને મયુરસિંહ ચૌહાણને કસુરવાર ઠેરવ્યાં હતાં અને બન્નેને સાત વર્ષની સાદી કેદની સજા તથા બન્નેને પાંચ હજારનો દંડ ફટકાર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# બોરસદમાં નકલી પોલીસે ચપ્પાની અણીએ યુવકને લૂંટ્યો : બે ઝબ્બે

**બોરસદ** પોલીસે નાકા બંધી કરી કાર પકડી પાડી : બે ફરાર

(પ્રતિનિધિ) બોરસદ તા.2

બોરસદના બોચાસણ ગામ પાસે ઓવરબ્રિજ ઉતરતાં કારમાં સવાર 4 શખ્સે ભરૂચના યુવકને આંતરિ તેના ગળા પર ચપ્પુ મુકી બે મોબાઈલ લૂંટી લીધા હતાં. આ લૂંટ કરી ભાગવા જતાં ટોલ નાકા પાસે આંતરિ લેવામાં આવ્યાં હતાં.

ભરૂચના ઓસારા રોડ પર આવેલી રવિ શ્રદ્ધા સોસાયટીમાં રહેતા સાગર ગોવિંદભાઈ પટેલ ખાનગી ટ્રાન્સપોર્ટ કંપનીમાં નોકરી કરે છે. તેઓ કંપનીના કામે ડ્રાઈવર સવીકુમાર સાથે કાર લઈને ભરૂચથી રાજકોટ ખાતે ટ્રક જોવા માટે ગયાં હતાં. જ્યાંથી પરત ફરતા સમયે રાત્રિના સાડા બાર વાગ્યાની આસપાસ બોચાસણ ગામના ઓવરબ્રિજ ઉતરતા સમયે એક સફેદ કલરની વર્ના કારના ચાલકે અચાનક ગાડી પાસે ઉભી રાખી હતી. આથી, સાગરે પણ કાર ઉભી રાખતાં વર્નામાંથી ચાર શખ્સ નીચે ઉતર્યાં હતાં. જેમાંથી એક લાકડાનો દંડો લઈને ઉતર્યો હતો. આ શખ્સે ધમકાવતા જણાવ્યું હતું કે, અમે એલસીબી પોલીસ છીએ અને તમારી ગાડી ચેક કરવાની છે. જ્યારે બીજા શખ્સે ગળા પર ચપ્પુ મુકી હિન્દીમાં રૂપિયા અને મોબાઈલ માંગ્યાં હતાં. આથી, સાગર પોતાનો તથા રવીકુમારનો મોબાઈલ આપી દીધો હતો.

આ અંગે બોરસદ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં વોચ ગોઠવી હતી. જેમાં ટોલટેક્ષ પર કાર જોવા મળતાં તેને રોકવા સૂચના આપી હતી. આ કાર ચાલકોએ ભાગ જવા કોશિષ કરતાં બે પકડાયાં હતાં. જ્યારે બે ભાગી ગયાં હતાં. આ પકડાયેલા શખ્સોની પુછપરછ કરતાં તે વિશાલ ચંદ્રેશવ બલરાય યાદવ (મુળ રહે. બિહાર, હાલ નડિયાદ), ઈલિયાસ ઉર્ફે ઈલિયો સબ્બીર કરીમ પઠાણ (રહે.સંધાણા) હોવાનું જણાવ્યું હતું. જ્યારે ભાગી ગયેલા શખ્સ ઈમરાન ઉર્ફે કાબરો વાહીદ બેલીમ (રહે. ધોળકા), ગુલાબ ચુનારા (રહે. નડિયાદ) હોવાનું કબુલ્યું હતું.

### ખંભાતમાં જુગાર રમતાં ચાર પકડાયાં

(પ્રતિનિધિ) ખંભાત તા.2

ખંભાતના ડ્રામ નગરી રોડ પર આવેલા ખુલ્લા ખેતરમાં જુગાર રમતા ચાર શખ્સ પકડાયાં હતાં. આ શખ્સો સામે પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

ખંભાતના ડ્રમ નગરી રોડ પર જાહેરમાં કેટલાક શખ્સ જુગાર રમી રહ્યાની બાતમી મળી હતી. આ બાતમી આધારે પોલીસે 1લી જુલાઈની સાંજે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં ચાર શખ્સ જાહેરમાં જુગાર રમતા પકડાયાં હતાં. આ શખ્સોની પુછપરછ કરતાં તે શબ્દરહુસેન ઝહીરહુસેન, મોઈન ઉર્ફે મંડાઈ સિદ્દીક શેખ, અરબાજ મુનાફ મલેક, શાકિબ ઉર્ફે બોસ રાજુ શેખ હોવાનું જણાવ્યું હતું. આ અંગે પોલીસે ચારેય સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી રોકડ સહિત કુલ રૂ.2660નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# પેટલાદ રથયાત્રામાં કલંક લાગે તેવી ઘટના બનવી ન જોઈએ

**પેટલાદમાં** એસપીની હાજરીમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ


તસવીર: વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ, તા.2

પેટલાદમાં રણછોડરાય મંદિરેથી 98મી રથયાત્રાનું પ્રસ્થાન 7મી જુલાઈના રોજ થનાર છે. આ રથયાત્રા શાંતિપૂર્વક અને સમયસર પૂર્ણ થાય તેની તકેદારીના ભાગરૂપે આજરોજ પેટલાદ ખાતે શાંતિ સમિતીની બેઠક યોજાઈ હતી. આણંદ જીલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ બેઠકમાં હિન્દુ - મુસ્લિમ આગેવાનોને અનેક મુદ્દે સૂચનો અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.

આણંદ જીલ્લાના પેટલાદ ખાતે સુપ્રસિદ્ધ રણછોડજી મંદિર આવેલ છે. જ્યાંથી છેલ્લા 97 વર્ષથી અવિરતપણે રથયાત્રા પ્રસ્થાન કરે છે. ચાલુ વર્ષે 7મી જુલાઈના રોજ 98મી રથયાત્રા નીકળનાર છે. આ રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે મંગળવારે નગરપાલિકાના સભાખંડમાં શાંતિ સમિતીની બેઠકનું આયોજન પેટલાદ ટાઉન પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ઉપસ્થિત પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટર પ્રજ્ઞેશ જાનીએ આગેવાનોને સંબોધતા કહ્યું હતું કે, આ ધાર્મિક તહેવારના દિવસે અફવાઓથી દૂર રહેવું, આવેશ કે ઉશ્કેરાટમાં આવવું નહિ, ટીખળ કરનાર તત્વોને ખુલ્લા પાડવા, ટોળા કરીને ભેગા ના થવા જેવા અનેક મુદ્દે સૂચનો કર્યા હતા. તેઓએ વધુમાં કહ્યું હતું કે તહેવારની પવિત્રતા જળવાય તે રીતે ભાવપૂર્વક યાત્રા સાથે જોડાવવું. બિનજરૂરી લાગણી દુભાય તેવા સૂત્રોચ્ચારો કરવા નહીં. છેલ્લા બે વર્ષથી રથયાત્રા જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ભક્તો વધતા જતા હોવાથી આગેવાનોએ ખાસ તકેદારી રાખવા ઉપર ભાર મૂક્યો હતો. આ બેઠકના અધ્યક્ષ આણંદ જીલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણીએ કહ્યું હતું કે, રથયાત્રા દરમ્યાન પેટલાદને કલંક લાગે તેવી કોઈપણ અઘટીત બનાવ ન બને તેની તકેદારી આગેવાનો સહિત યુવાનોએ રાખવી પડશે. હાલ પેટલાદમાં વૈમનસ્યનું કોઈ જ વાતાવરણ જણાતું નથી. આથી, રથયાત્રા શાંતિપૂર્વક અને સમયસર મંદિરે પરત ફરે તેવી અપીલ ઉપસ્થિત આગેવાનો તથા આયોજકોને કરી હતી. આ બેઠકમાં રણછોડજી મંદિરના મહંત વાસુદેવજી મહારાજ, ડીવાયએસપી પી.કે. દિયોરા, પ્રોબેશનલ ડીવાયએસપી વિશ્વા શાહ વિગેરે હાજર રહ્યાં હતાં.

### રથયાત્રા દરમિયાન ચાંપતી નજર રહેશે

આગામી રથયાત્રાના બે દિવસ પૂર્વે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોન કેમેરા દ્વારા પેટ્રોલીંગ કરવામાં આવશે. દરેક ગતિવિધી ઉપર ધ્યાન રાખવામાં આવશે. રથયાત્રામાં માદક દ્રવ્યોનું સેવન કરીને કોઈ જોડાય નહીં તે માટે પોલીસની ચાંપતી નજર રાખવામાં આવનાર છે. ઉપરાંત સોશ્યલ મિડીયાના દરેક પ્લેટફોર્મ ઉપર સાયબર સેલની વોચ રાખવામાં આવશે. જો કોઈ ઉશ્કેરણી જનક પોસ્ટ નજરે પડશે તો તેવા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### પ્રજા વતી પીઆઈની બાંહેધરી

આ બેઠકની આભારવિધી સમયે પેટલાદ ટાઉન પીઆઇ કે.ડી. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે ભૂતકાળની 97 રથયાત્રા જે રીતે શાંતિ પૂર્વક સંપન્ન થઈ છે તે જ રીતે 98મી રથયાત્રા સંપન્ન કરવાની છે. આ વાતને સૌ આગેવાનોએ એક જ અવાજે અનુમોદન આપી ખાતરી આપી હતી, જેથી પીઆઈએ પણ જીલ્લા પોલીસ વડાને આ અંગેની બાંહેધરી આપી હતી કે રથયાત્રા નિર્વિઘ્ને સંપન્ન થશે.